ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૧-૨૦૧૫, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે!

આગામી પ્રજાસત્તાક પર્વ પ્રસંગે ભારતની મહેમાનગતી માણવા આવી રહેવા અમેરિકા-બેઉ રાષ્ટ્રો પૂરી તકેદારી રાખી રહ્યાં છે. સાત સ્તરની સુરક્ષા સાથે ઓબામા પ્રજાસત્તાક દિવસની પરેડ નિહાળશે અને સલામી ઝીલશે. ભારતના ઈતિહાસમાં આ એક શકવર્તી ઘટના બની રહેશે કારણ કે આઝાદી મળ્યા પછી આજ પર્યંત પહેલી જ વાર અમેરિકન પ્રમુખ આવા 'ખુલ્લા' જાહેર સમારોહના મહેમાન બનીને ભારત આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રમોદી માટે આ પ્રતિષ્ઠાનો ઉત્સવ છે. અત્યાર લગી ભારતે કયારેય અમેરિકાના વડાને આવા સમારોહ માટે નોંતરું પાઠવેલ ન હોઈ અમેરિકા માટે પણ ભારતનું આ બદલાયેલું વલણ ઘણું મહત્ત્વ ધરાવતું હોય તે સમજી શકાય એમ છે. સરહદ પર મોટાપાયે ઘુસણખોરી કરવા ટાંપી રહેલા આતંકવાદીઓએ ઓબામા ભારત આવે એ જ અરસામાં કોઈ મોટી ઘટનાનું આયોજન કરી દીધું હોવાના અધિકૃત અહેવાલો મળતાં અમેરિકન વહીવટીતંત્ર સાવચેત બની ગયું છે. પાકિસ્તાનને આતંકવાદીઓના આશ્રયદાતા દેશ તરીકેની બદનામ ઓળખ સાંપડેલી છે. 'નાઈન ઈલેવન'ની ખૂંખાર ઘટના પછી અમેરિકા પણ આતંકવાદ પ્રત્યે આકરું વલણ ધરાવતું થઈ ગયું છે. અલ-કાયદાનો આકા ઓસામા બિન લાદેન છેલ્લે પાકિસ્તાનમાં જ છુપાયો હોવાના સગડ મળતાં, અમેરિકાએ પાકિસ્તાનને ઊંઘતું રાખી લશ્કરી વિસ્તારમાં છુપાવીને રાખવામાં આવેલ ઓસામાનું ઉઠમણું કરી દઈ એની તાકાતનો પરચો બતાવી દીધો હતો. એ બનાવથી પાકિસ્તાનનું નાક કપાયું હતું - એટલું જ નહીં, એથી પાકની શાખને દુનિયા આખીમાં બટ્ટો લાગ્યો હતો. ભારત ઘણાં વર્ષોથી પાક પ્રેરિત આતંકવાદનો ભોગ બનતું રહ્યું છે અને આ મુદ્દે ભારત વારંવાર આંતરરાષ્ટ્રીય મંચ પર ફરિયાદ પણ કરતું રહ્યું છે, પરંતુ અમેરિકાએ 'નાઈન-ઈલેવન'ની ઘટના પછી જ વિશેષ ગંભીરતા દાખવવા માંડી હતી. પાકિસ્તાનમાં આ અમેરિકન હુમલા ઉપરાંત મુંબઈ હુમલાના ગુનેગારો આરામથી ટહેલી રહ્યા છે. જે ત્રાસવાદી સંસ્થાઓને અમેરિકાએ બ્લેકલિસ્ટ કરેલી છે, તેના કર્ણધારો જેવા કે દાઉદ ઈબ્રાહીમ અને હાફિઝ સઈદને પાકિસ્તાન ઘર જમાઈની જેમ સાચવતું હોવા છતાં અત્યાર સુધી પાકિસ્તાન સામે લાલ આંખ કરવાનું અમેરિકાએ નહોતું વિચાર્યું કારણ કે ક્ષેત્રીય સમતુલાની રૂએ પાકિસ્તાન અમેરિકાનું બગલ બચ્ચું બની રહે તો જ ચીન જેવી નવી મહાસત્તા સામે અમેરિકા સંભવિત યુધ્ધમાં ટકી શકે. અફઘાનિસ્તાન પર પગદંડો જમાવવા માટે અને નજીકનાં ઈસ્લામી રાષ્ટ્રો-ઈરાક તેમજ ઈરાન સામે લડવા માટે પણ જરૂર પડયે તે પાકિસ્તાનની ભૂમિનો ઉપયોગ કરી શકે. આ તમામ મર્યાદાઓને લીધે અમેરિકા પાકિસ્તાન કે ભારતની સરહદે વારંવાર થતી આતંકવાદી ઘટનાઓ પછી પાકિસ્તાનને કલીનચીટ આપતું રહ્યું છે, એટલું જ નહી, બ્લકે દેખાવ ખાતર પાક આર્મીએ કેટલાંક આતંકી જુથો પર હુમલા કર્યા ત્યારે એને શાબાશી પણ આપેલ છે. પરંતુ હવે જયારે ઓબામા ભારતની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે કોઈ મોટી ઘટનાને અંજામ આપવાના આતંકી ઈરાદાનો ખુલાસો કે અંદેશો આવ્યો છે ત્યારે અમેરિકાના વહીવટીતંત્રને કડક બન્યા વગર છૂટકો નહોતો. તેથી ઓબામાની મુલાકાત દરમિયાન કોઈ આતંકવાદી હુમલો કરાશે તો પાકિસ્તાનને એનાં માઠાં ફળ ભોગવવાં પડશે, એવી સ્પષ્ટ ચીમકી અપાઈ છે. અમેરિકાના વિદેશમંત્રી જહોન કેરી ગાંધીનગર-દિલ્હીની ઐતિહાસિક મુલાકાત પછી પાકિસ્તાન ગયા હતા ત્યારે પણ એમણે પાક સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે આતંકવાદીઓને પોષવાનું વલણ એણે સત્વરે છોડી દેવું પડશે. ભારત માટે આ સારા સમાચાર છે. સામે પક્ષે ભારત-અમેરિકા બેઉને ઓબામાની મુલાકાતના મુદ્દે અધ્ધરજીવે રાખવા માગતાં પાકિસ્તાન સરકાર, આર્મી અને કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈ માટે આ પ્રકારની વોશિંગ્ટનની ચીમકી ભારે અપમાનજનક જ ગણાય. પરંતુ અમેરિકા એના પ્રમુખની સુરક્ષા માટે કોઈ પણ હદે જઈ શકે છે. અગાઉ પાકિસ્તાની આતંકવાદીઓએ પ્રેસિડન્ટ બિલ કિલંટનની ભારત મુલાકાત વેળાએ જમ્મુના અનંતનાગ જિલ્લા પર હમુલો કરી છત્રીસ શીખોની હત્યા કરી હતી. અવળચંડું પાકિસ્તાન કયારે શું કરશે, તે કળવું મુશ્કેલ છે. તેથી દુનિયાની જમાદારી કરતી રહેતી અમેરિકા જેવી મહાસત્તાને ના છુટકે આવી કડક ભાષામાં ચેતવણી આપવી પડી છે. મોડે મોડે પણ અમેરિકાને પાકિસ્તાની અસલી ઓળખ પ્રાપ્ત થઈ, તે અગત્યનું છે. અમેરિકાની ચીમકીથી ડરીને પાકિસ્તાન ચૂપ રહે છે કે એને ગળી જઈ 'ટેરર-મિશન'માં આગળ વધે છે, તે જોવું રહ્યું!



કલરવ સંસ્થા દ્વારા બાળકોને પિકનિક કરાવાઈ

ગાંધીનગરની કલરવ સંસ્થા દ્વારા તા. ૧૮મી જાન્યુઆરી રવિવારે આશરે બસ્સોથી વધુ બાળકોને સાબરકાંઠામાં દેરોલ ગામે આવેલ ઋષિવનનો પ્રવાસ કરાવ્યો હતો. બાળકોએ આ પ્રવાસમાં નદીના કોતરોમાં કુદરતી સાનિધ્યની મોજ માણી હતી અને ઋષિવનમાં આવેલ લાફિંગ બુદ્ધા, સ્ટેચ્યુ ઓફ મહાત્મા ગાંધીજી, વૃક્ષમંદિર, રિવર ફ્રન્ટ ચેકડેમ, ઝુલા વિહાર, સ્ટેચ્યુ ઓફ લીબર્ટી, સ્ટેચ્યુ ઓફ મર્લાયન, વિશાળકાય ડાયનાસૌર, અશોક સ્તંભ, પવિત્ર શિવધારા એમ્યુઝમેન્ટ પાર્ક, શહિદ પાર્ક અને રેબિટ યાર્ડ વગેરેની મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત બાળકોએ કોલંબસ, મેરીગો રાઉન્ડ જેવી રાઈડ્સની મજા પાણી હતી અને બપોરના ભોજન બાદ લટકતા દોરડાના પેલ પરથી પસાર થવાની સાહસિક પ્રવૃત્તિ પણ કરી હતી. બાળકોએ ઉંડી લપસણી પરથી લપસવાની અને ઢાળવાળી જગ્યામાં ગોઠવાઈને રમૂજ ભર્યા ઉખાણા પુછવાની મજા માણી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાન પ્રમુખ કમલ જૈનના નેતૃત્વ હેઠળ કો-ઓર્ડિનેટર ડૉ. પિયુષ દવે, આશાબેન સરવૈયા, ભાવેશ એરડા, વર્ષા પારેખ, ઉમા ભટ્ટ, ઉર્મિલ વેદ, મધુ જૈન, હિમાદ્રી વ્યાસ, અનિલ જૈન અને નરેશ ઠાકરે જહેમત ઉઠાવી હતી.

જે.એમ.ચૌધરી સંકુલમાં આજે રકતદાન કેમ્પ

ગાંધીનગર તા.૧૯ અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર દ્વારા ચૌધરી કન્યા સંકુલમાં તા.૨૦મી જાન્યુઆરીએ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. ભારતીય રેડક્રોસ સોસાયટી ગાંધીનગરે રકતદાતાઓએ લાભ લેવા જણાવેલ છે.

હરિની દૃષ્ટિ...

તું કહે છે તે વાત સાચી... ગાડી વગર ચાલતા ઓફીસ જવામાં... વધુ સેફ્ટી છે...!!

માર્ગ સલામતી સપ્તાહ નિમિત્તે કડી કેમ્પસમાં સુત્રો સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર તા.૧૯

૨૬ માં માર્ગ સલામતી સપ્તાહ હેઠળ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા આર.ટી.ઓ જિલ્લા પોલીસ સાથે સંકલન કરી માર્ગ સલામતીના જન જાગૃતિનું અભિયાન વર્ષોવર્ષ હાથ ધરાય છે.

કડી કેમ્પસમાં આવેલ જે.બી.પ્રાથમિક શાળામાં વસાહત મહામંડળ અને પોલીસ વિભાગ દ્વારા આર.ટી.ઓ. ગાંધીનગર સહિત ત્રણહજાર વિધાર્થીઓ જે પ્રાથમિક શાળામાં ધો ૧ થી ૮ માં અભ્યાસ ૫૦ વર્ગોમા અભ્યાસ કરે છે. તેવી શાળાઓ પસંદ કરી વિધાર્થીઓ દ્વારા સુત્રો માર્ગ સલામતીના તૈયાર કરી તેની હરિફાઈનું આયોજન આચાર્ય શ્રીમતી નીતાબેન પટેલ તથા ચેતનાબેન બુચ દ્વારા શિક્ષકોના સહયોગથી હાથ ધરેલ છે. જેમાં આ પ્રમાણે સુત્રો સમાજ માટે શિસ્ત પાલન માટે મહત્વના છે.

(૧) દુર્ઘટના સે દેર ભલી - સો મુસીબત ટળી.

પટેલ પુજન જયકુમાર

(૨) સ્પીડ થ્રીલ્સે બટ કીલ્સ - બેટર લેઈટ ધેન નેવર

પટેલ નીલ ચંદ્રકાંતભાઈ

(૩) ટ્રાફિક પોલીસ પાસે બહેશ કરી શકશો પણ યમરાજ પાસે?

પટેલ રવિ દિનેશભાઈ

(૪) મોબાઈલ ઓફ - સીટ બેલ્ટ ઓન - એકસીડન્ટગોન

મકવાણા આર્યન મુકેશભાઈ

શાળાએ મહામંડળ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગરના એસ.પી.શ્રીકરણરાજ વાઘેલા, મહામંડળના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચ ટ્રાફિક પી.આઈ.નિનામા, શ્રી કિશોર જીકાદરા, સુધીરભાઈ દેસાઈ પી.એસ.આઈ શ્રીમતી પટેલ અને શિક્ષકગણ તરફથી આયોજન થયુ. પ્રમુખશ્રી અરૂણભાઈ બુચે વાલીઓને નાની ઉંમરના લાયસન્સ વગર વાહન ચલાવનાર સંયમ શીખવવા જણાવેલ હતું. આચાર્ય નીમાબેન સ્વાગત કરેલ હતું. કું.ચેતનાબેન બુચે કાર્યક્રમનું રૂપરેખા આપેલ હતી. શ્રી કિશોરભાઈ જીકાદરાએ આભારવિધિ કરેલ હતી.

વસંતને વધાવવાનું ચુકીએ નહી...

વિચારસભા
નેહલ જયદીપ ગઢવી

શિયાળાની ઋતુએ આપણા સૌને માટે વર્ષનો સર્વશ્રેષ્ઠ સમય રહેતો હોય છે. ફુલગુલાબી ઠંડીની આ મનમોહક ઋતુમાં મધમધતા પુષ્પો અને લીલાછમ શાકભાજીને આપણે મનભરીને માણીએ છીએ. આમ પણ ગુજરાતીઓ ખાવાના શોખીન ગણાય છે એટલે શિયાળામાં તો વસાણા, આંબળા, બાજરીના રોટલા અને રીંગણનો ઓળો એવી વિવિધ પ્રકારની વાનગીઓ નાના-મોટા સૌ હોંશે-હોંશે આરોગે છે. પહેલા કરતાં લોકો હવે ફિટનેશનું મહત્ત્વ વધુ સમજતા હોવાને કારણે ઝાકળની સવારે મોર્નિંગવોક, જોગીંગ અને યોગા કરતાં લોકો પણ પાટનગરમાં વધુ જોવા મળે છે. ગાંધીનગર ગ્રીનસીટી હોવાને કારણે અને અહીંની સુંદર નગરરચનાને કારણે આ પ્રકારનો વ્યાયામ કરવા માટેનું સ્થળ પણ લોકોને સહેલાઈથી પ્રાપ્ય બન્યું છે. શિયાળાનો સર્વશ્રેષ્ઠ સમયગાળો એટલે વસંતઋતુના આગમનની આસપાસના સમય. આ સમયગાળા દરમિયાન વાતાવરણમાં ખુશનુમા અને રંગીન રહેતું હોય છે. માપસરની ઠંડી અને પ્રમાણસરનો તડકો આ સમય દરમિયાન દરેક વ્યકિતને ખુબ અનુકુળ લાગતો હોય છે. અને આ જ કારણસર લગ્નો માટેનો પણ આ સર્વશ્રેષ્ટ સમય માનવમાં આવે છે. લગ્ન હોય તે અને લગ્નને માણવા આવનાર સર્વે માટે વાતાવરણ પુરેપુરૂં સાનુકુળ હોય છે.

કવિશ્રી બાલમુકુન્દ દવે લખે છે તેમ...

ચટકીલી મોરી ચમેલડી રે,
લૂમે લૂમે લટકયાં ફુલ, બી ચમેલડી!
ચટકીલી મોરી ચમેલડી રે,
ભમરાની શી ભૂલ, લી ચમેલડી!
પોતે જો ઢંગે ના રૈએ જી રે!
ચટકીલી મોરી ચમેલડી રે,
રૂપના રખોયાં શીખી લેએ, લી ચમેલડી!
દુ જાને દોષ ના દૈએ જી રે.

કવિશ્રીની આ રચનામાં જીવનના આનંદ, ઉલ્લાસ અને માંગલ્યની સૂચક પ્રસ્તુતિ જોવા મળે. હદયની સાચી લાગણીઓ અહીં સચ્ચાઈપૂર્વક, સંયમ અને મિતભાષિતાથી વ્યકત થયેલી જણાય છે. ઋતુના સૌદર્યની સાથોસાથ વ્યકિતના મનના ભાવ અત્યારે આ વસંતઋતુમાં કંઈ આ રીતે જ જોડાયેલા જણાય છે. પુષ્પોનો મઘમઘાટ અને ભમરાનો ગણગણાટ વાતાવરણને માદક બનાવી મુકે છે. કવિશ્રી નાન્હાલાલની આ રચના પણ ઋતુની સુંદરતાને અને ફુલોના આગમનને તેમ જ વ્યકિતના મનોભાવોને સુપેરે વર્ણવે છે.

''વીણો, વીણોને ફુલડાંના થાય,
ફોરે એવા હૈયા, સખિ!
ગુંથો ગુંથીજે ફુલડાંની માળ,
ગુંથો એવાં હૈયા, સખિ!
આધે આધે છે મઢૂલી જોગીની મ્હારા,
પાસે છે ફુલડાંની વાડી રે,
સાધીશું જોગ સ્નેહગંગાને કાંઠડે,
વીણીશું ફૂલ દહાડી દહાડી,
હો! વીણો એવાં ફૂલડાં, સખિ!''

વસંતઋતુનું આગમન અને વ્યકિતના જીવનમાં આવતી યૌવનની મોસમ એ બંનેના કંઈક સામ્યતા ચોકકસ રહી હશે! વસંતઋતુમાં સૃષ્ટિનું સૌદર્ય અને યૌવનમાં પ્રવેશતાં જ વ્યકિતનું ખીલી ઉઠતું સૌદર્ય કંઈક એક સરખું જણાય છે. ઉડવાનું મન થાય, નાચવાનું મન થાય અને ઝૂમી ઉઠવાનું મન થાય એમ બાલ્યવાસ્થામાંથી બહાર આવતાં જ વ્યકિત અનુભવે છે. કવિ બાદલ લખે છે તમે,

''લીંબોળી એક એક ગોઠવીને અકેલી હું છાનેરું ગણાવને બેઠી,
મારાથી શરમાઈ નાઠી કેવી હું, મને સોળમી તે મોસમ સૈ બેઠી!
અલ્લડતા વડલાની ડાળખીથી ફફડાવી
પાંખોને, ઉડી કયાંક ગઈ,
કાઢોટો મારી હવે અવળી ગુલાંટ ખઈ
કયાં ડુબડી દારમવાની સઈ?
ઓઢણું જરીક જયાં સરકે, દોડે છે માડી : ઓઢે સરખુંક જરા બેટી!
મારાથી શરમાઈ નાઠી કેવું હું, મને સોળમી તે મોસમ સૈ, બેઠી!''

આનંદની આરાધના આપણને સૌને ગમે છે. પણ હવે કુદરતના સાનિધ્યને માણવાને બદલે કૃત્રિમતાને આનંદ આપણે વધુ માણતા થઈ ગયા છીએ, કવિવર ઉમાશંકર જોષીએ લખ્યું - ''પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નહી'' આપણે ફુલના હાર બનાવતી તરૂણીને ઘણીવાર જોઈ છે. તેની પાસે પુષ્પોની ઢગલી પડેલી હોય અને હાથમાં સૂતરનો દોરો અને નાનકડો સોયો પણ હોય. મંદિરની બહાર બેઠેલી આ તરૂણી કયારેક આપણી સામે જુએ તો કયારેક મીઠું મીઠું હસતી જાય, તો કયારેક કોઈક ગીત પણ ગણગણી લે અને દેવદાર તરફ દ્રષ્ટિ કરતી ટપોટપ, ચપોચપ ફુલોને સોયા વડે દોરામાં પરોવતી જાય, અને એમ એનો હાર ગુંથાતો રહે. આ સમગ્ર ઘટનાને શાંતચિત્તે નીહાળતાં આપણને પ્રશ્ન થાય કે જે સુંગધ ફેલાય છે તે ફુલોની છે કે આ વીંધાઈ રહેલા પુષ્પની છે કે તરૂણીના તન-મનની? સૃષ્ટિમાં બાહ્ય દ્રષ્ટિએ પુષ્પની જેમ મહેકતી દરેક વસ્તુના મૂળમાં આવી વેદનાની છુપી અનુભૂતિ ચોકકસપણે રહેલી હશે! અલબત્ત એ વેદનાની અનુભૂતિ આપણી સંવેદનશીલતા પર આધારિત હોય છે અને લેખકશ્રી ભગવતીકુમાર શર્મા લખે છે તેમ આ સુગંદનો આધાર માત્ર પુષ્પો સુધી જ સીમીત નથી તેઓ લખે છે કે...

''કોઈક અઢળક પ્રેમની સુંગધની તુલના કયા પુષ્પની મહેક સાથે કરી શકાશે? કોઈક ઉજળું હસે છે ને ખંડમાં ફુલોનો ઢગલો થાય છે અને ઓરડો આખો મધમધી ઉઠે છે. કોઈક બોલે છે અને સુગંધિત શબ્દ-કુસુમો ઝરતાં લાગે છે. કોઈકના સદગુણોની સુવાસ, જ્ઞાનનો પરિમલ, સત્કર્મોની સુરભિ, કૃતિમાંથી ઝરતી ખુશ્બો તો કદીક કોઈ ગીત પણ મહેકતું અનુભવાય છે. કયારેક કોઈના હોઠનો ઝીણો કંપ, આંખની ચમક, અંગુલિની મુદ્રા કે સ્મિતની બંકિમા આપણા મનમાં ફોરમનો ઉત્સવ રચી આપે છે.''

તો આમ જોવા જઈએ તો વસંતઋતુમાં જ પુષ્પોને માણી શકાય એવું શી રીતે કહી શકાય? મનના આ ભાવોને જાગૃત રાખી શકીએ તો વસંતઋતુને બારેમાસ મનભરીને માણી શકાય. સંવેદના અને અનુભૂતિ દ્વારા આપણી આસપાસ રહેલી આ વિવિધ પ્રકારની સુવાસને માણીએ તો જીવન ખરેખર સાર્થક બનાવી શકાય.

કવિશ્રી દિપક બારડોલીકર લખે છે તેમ,

કોણ મોહતાજી વસંતોની કરે-
તમને સાંભરું ને ખીલે, ગુલાલ.

તો આવો, આ ભાવનાને જાગૃત કરીને વસંતઋતુને માણવાને એક નવો દ્રષ્ટિકોણ કેળવીએ!

એલચી-

અમે જઈએ અમારે દેશ, રામરામજી
થઈ પૂરી વરસની ભેટ, રામરામજી,
પડે દેશે કડકડતી ટાઢ, રામરામજી
ગળે હિમે અમારાં હાડ, રામરામજી,
અમે આવ્યાં શિયાળા કાજ, રામરામજી
હવે બેઠાં વસંતના રાજ, રામરામજી
હવે જઈએ અમારે દેશ, રામરામજી
પણ પ્રિતિ ન ભૂલીશું લેશ, રામરામજી

- પ્રિતમલાલ મજમુંદાર

'આજની ઘડી તે રળિયામણી'.... નરસિંહ મહેતાની રચનાઓનો રસથાળ...

ભણે નરસૈયો... કલાગુર્જરીએ ભકતકવિ નરસિંહ મહેતાના ઓલ ટાઈમ ગ્રેટ જેવા અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જાગને જાદવા, રામસભામાં અમે રમવાને ગ્યા તા, હળવે હળવે હરજી મારે મંદિર, મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, જળકમળ છાંડી જાને બાળા અને વૈષ્ણવજન તો તેને રે કહીએ જે... જેવી ગુજરાતી આધકવિની રચનાઓનું અમૂલ્ય શ્રવણ કરાવ્યું

ભકતકવિ નરસિંહ મહેતા સમયની દ્રષ્ટિએ નહિ પણ ગુણવત્તાની દ્રષ્ટિએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ આદિકવિ છે. આ વડનાગરા નાગરનો જન્મ તળાજામાં ૧૪૧૪ના વર્ષમાં થયેલો.. ત્રણ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થતા જૂનાગઢ ભાઈને ત્યાં રહેતાં હતાં અને સાધુ-સંતો સાથે સમય ગુજરાતા. ભાભીએ મ્હેણું મારતા ઘર છોડીને નિર્જન વનમાં મહાદેવના મંદિરમાં આરાધના કરતા હતા. એમની ભકિતથી પ્રસન્ન થઈને આશુતોષે એમને કૃષ્ણ રામલીલાના દર્શન કરાવેલાં જયાં એમનો હાથપણ દાઝી ગયેલો... શામળદાસના લગ્ન.. કુંવરબાઈનું મામેરું, પિતાનું શ્રાધ્ધ, શામળીયાની હૂંડી અને રાજા રા માંડલિકની ઈચ્છા મુજબ મૂર્તિને હાર પહેરાવવા જેવાં કાર્યો એમની પ્રખર કૃષ્ણભકિતના સાક્ષી છે.

ભકિતરસને વરેલા નરસિંહ મહેતાએ રાસ, ગરબી, ઝૂલણાં, પ્રભાતીયાં જેવા દરેક પદોને અમર બનાવેલા છે. ભણે નરસૈયો.. ના શિર્ષક હેઠળ કલાગુર્જરી ગાંધીનગર આયોજીત આ કાર્યક્રમમાં સળંગ ત્રણ કલાક માત્ર અને માત્ર નરસિંહ મહેતાની રચનાઓનું જ રસપાન એ કદાચ એક ને શિષ્ઠય સભર કાર્યક્રમ બની રહ્યો. સલિલ મહેતાની પરિકલ્પના અને રાધેકૃષ્ણ વાત સાથે પ્રાણઘડી મુને વૈષ્ણવ વ્હાલા અને સંતો, અમે રે વહેવારીકા શ્રી રામના, વેપારી આવે રે બધા ગામ ગામનાં.. વહેવારમાં રામનું નામ લીધું અને જીવન વહેવાર બની ગયું. નરસિંહને રાસલીલાનું દર્શન થયું. અલૌલિક દર્શન રચાયું, હાથમાં મશાલ હતી અને હાથ દાઝી ગયો. જે જાતને ઈશ્વરાર્પણ કરે એને પુરૂષ અને પ્રકૃતિનો રાસ માણવા મળે જેવી વાતથી સુત્ર સંચાલક માર્ગી હાથીએ માહોલને જમાવી દીધો.

મેહુલો ગાજેને માધવ નાચે, રૂમઝુમ બાજે, તાલ પખવાજ વજાકરે ગોપી, કૃષ્ણ વજાડે તેવું વાંસલડી અને આ રચનામાં રાગ મલ્હારનો તરાના ભઈ વાહ.. હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યારે, મોટે મોટે મોટે મેતો મોતીડે વધાવ્યાં રે.. આ રચનાતો ઘણાં વર્ષો બાદ સાંભળવા મળી નરસૈયો દ્રશ્ય નહી દર્શનના કવિ હતા એટલે તો ૬૦૦ વર્ષ બાદ પણ એમનાં અજવાળે કેટલાંય સાંપ્રત કવિઓ તરી ગયા છે.. ગાંધીનગરના કવિ ધ્વનીલ પારેખે 'હરિરસ મળે ને જે મળે ખાવા, હરિની ઈચ્છાનો સંતોષ લાવા' પદનું પઠન કર્યું.

જયાં 'કો' છે ત્યાં શંકા છે, એ હરે એટલે તાદાત્મય સંધાય, આજ નહીં પણ સાત્ત્વિક ગરજ હોય તો પ્રભુ પ્રગટ થાય જ.... મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી... આ ગીતના દૂહા 'નટવર નાના નંદલાલા' રજૂઆત એટલી રસાળ હતી કે 'વન્સમોર' નો ધ્વનિ ગૂંજયો... ૧૯૫૭માં આવેલી ફિલ્મ 'નરસી ભગત' નું હેમંત કુમાર - મન્નાડે - સુધા મલ્હોત્રાનું ગાયેલું ગીતકાર ગોપાલસિંહ નેપાલી અને સંગીતકાર રવિની રચના 'દર્શન દો ઘનશ્યામ નાથ મોરી અંખિયા પ્યાસી રે...' જામી ગયું. ધ્વનિલ પારેખે અન્ય એક રચના 'નિરખને ગગનમાં, કોણ ઘુમી રહ્યો. એ જ હું, એજ હું તત્ત્વ બોલે...' નું પઠન કરી મધ્યકાલીન અવકાશનો નાદ સંભળાવ્યો.

ઊંચી મેડી તે મારા સંતની, મેં તો મ્હાલી ન જાણી રાજ. નરસિંહ મહેતાના સ્વામી શામળા પ્રભુ પાર ઉતારો રામ... ની પ્રસ્તુતી એટલે ભકિતની ચરમસીમા... ચર્મચક્ષુથી નહીં પણ મર્મચક્ષુથી સર્જનમાં જે કલ્પના શકિત જગાડી એવું પદ જે શાળાના પાઠ્યપુસ્તકમાં બધા ભણી ચૂકયા છે. 'જળ કમળ છાંટી જાને માળા, સ્વામી અમારો જાગશે, જાગશે તને મારશે મને બાળહત્યા લાગશે...' બીલકુલ બધાને બાળપણની યાદ અપાવી ગઈ. નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથણી ખોવાણી, કાના જડી હોય તો આલ... રચના અદભૂત રાસલીલાના દર્શન સમાન બની...

ઉઘડતે પડદે
સંજય થોરાત
hellogandhinagar@gmail.com

બત્તી વિણ, તેલ વિણ, સુત્રવિણ જો મળી અચલ ઝળકે સદા આનંદ દીવો
નેત્ર વિણ નીરખવો, રૂપવિણ પરખવો, વણ જિવ્હાએ, રસ સ-રસ પીવો

જાગીને જોઉં તો જગત દીસે નહી, ઊંઘમાં અટપટા બાગ ભારો
ચિત્ર ચૈતન્ય વિલાસ તક્ષ છે બ્રમ્હ લટકાં કરે બ્રમ્હ પાસે

રાધેકૃષ્ણના નાદ સાથે નરસૈયો સાક્ષાત આપણી અસરપરસ હોય એવા ભાવ જાગૃત બની રહ્યો...

ત્યાં મેહતાજી નાહવા જાય.. હે જી વ્હાલા પઢોરે પોપટ રાજારામના જાગતે જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વિના ધેનુમાં કોણ જાશે.. હે જગદગુરૂ દેહ જગદીશનો એમાં હું કરું હું કરું એજ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે.. અખીલ બ્રહ્મડમાં એક તું શ્રી હરિ જુજને રૂપે અનંત ભાસે.. રામસભામાં અમે રમવાને ગ્યા તા, પસલી ભરીને રસ પીધો રે.. આજની ઘડીને રળિયામણી, હેજી મારો વ્હાલો આવ્યાની વધામણી જીરે.. એક સાથે અનેક રચનાઓ પીરસીને જાણે ખરેખર જ આજની ઘડી રળિયામણી કરી દીધી.

ગાંધીજીના કારણે વૈષ્ણવજન તો વિશ્વખ્યાતિ પામી ગયું, આ પ્રાર્થના સ્કુલ-કોલેજમાં આજેય ગવાય છે. પ્રાર્થના એ અનુભુતિનો તબકકો છે. હરિના જન જેને વ્હાલા હોય એને હરિ કેટલા વ્હાલા હોય? ... એવી સરસ હરિના જનતો મુક્તિ ન માંગે, માંગે જનમ જનમ અવતાર... ભૂતળ ભકિત પદારથ મોટું, પૂણ્ય કરી અમરાપૂરી પામ્યા અને ચોર્યાશી માહીરે... 'ભણે', 'જાણે', 'લાગે', નરસૈયો જેવી વાત સાથે રસદર્શન કરાવતા માર્ગી હાથીએ કબીર અને નરસૈયા સરખામણી પણ સરસ કરી એક શેર ટાંક્યો, 'મુલ્લા હો કર બાંગ જો દેવે, તેરા સાહબ બહેરા હૈ, ચિંટી કે પાવ નેપૂર બાજે તો ભી સાહબ સુનતા હૈ...' આજના સમગ્ર કાર્યક્રમના સજ્જડ પાસામાં નરસિંહ મહેતાના વિષય સાથે રસદર્શન કરાવતાં માર્ગી હાથીએ વિવિધ કવિઓની રચના, વિષય સુસંગત માહિતી અને શબ્દોની રમત સાથે શ્રોતાઓની હૂંડીને સ્વીકારી નરસૈયાના અદ્‌ભૂત દર્શન કરાવ્યા, શબ્દોમાં ભાવ અને શ્રેષ્ઠ કંઠસ્થ સંકલન સાથે કાર્યક્રમને દેદીપ્યમાન બનાવ્યો...

નરસિંહ મહેતાની રચનાઓની કમાલની અસર તો જુઓ કે આ કાર્યક્રમના ગાયકો પ્રહર વોરા, દિવ્યાંગ અંજારીયા, હસમુખ પાટડીયા અને કલ્યાણી કૌઠાળકર બધા જ તલ્લીન થઈને ગાતા હતા... સુરીલી સરગમ અને કાર્યક્રમની પરિકલ્પના ઘડનારા સલિલ મહેતાની એક વાત ગમી કે હસમુખ પાટડીયા પસલી ભરી રસ પીવડાવી ગાયબ થાય છે, એમની પાસે આખો કાર્યક્રમ કરાવવો જોઈએ, એમના અવાજમાં પ્રભુની કૃપા હોય એવું જેટલી તાર સાંભળીએ એટલી વાર લાગે જ... સંગીત સુરીલુ હતું પણ વિશેષ ધ્યાન વાંસળી વાદકે ખેંચ્યુ, કારયણ નરસૈયાની કૃષ્ણભકિતમાં વાંસળી જીવંત થાય તો જ પ્રસન્નતા આવે...

નારાયણનું નામ જ લેતા, વારે તેને ભજીએ રે, મનસા વાચા કર્મણા કરીએ, લક્ષ્મીવરને ભજીએ... વૈષ્ણવજન તો તેને રે કહીએ... જે પીડ પરાઈ જાણે રે, સકલ લોકમા સૌને વંદે, નિંદા ન કરે તેની રે.... બંને રચના તલ્લીનતાથી ગવાઈ... અમે મહિયારા રે ગોકુળ ગામના, મારે મહી વેચવા ને જાવા રે, ગોકુળ ગામના... હારે દાણ માગે કાનુડો દાણ માગે... ખમ્મા મારા નંદજીના લાલ, મોરલી કાં રે વગાડી... વા વાયાને વાદળ ઉમટ્યા ગોકુળમાં ટહુક્યા મોર રમવા... રૂડીને રંગીલી રે વ્હાલા તારી વાંસળી રે લોલ... રાધે શ્યામ, રાધેશ્યામ... ની ભૈરવી સાથે ભક્તકવિ નરસૈયાનો નાદ ગૂંજતો કરી કાર્યક્રમ સંપન્ન થયો.

'કુંવરબાઈનું મામેરું' એ ૧૯૭૪માં બનેલી હરિન્દ્ર દવેની ફિલ્મ આ લખનારાએ સાત વખત જોઈ છે... વૃંદાવનથી પાણા ફરતાં કૃષ્ણણે નરસિંહને મોટ મુગટ, પિતાંબર, કરનાલ, કાવ્ય અને રાગ કેદાર ભેટ આપેલા... અરવિંદ ત્રિવેદીએ ફિલ્મમાં નરસૈયા બનેલા, ફિલ્મની કથા - પટકથા અને સંવાદ રમેશ મહેતાના હતા... અવિનાશની સૂરધારામા મન્નાડે, મહેન્દ્ર કપૂર, સુમન કલ્યાણપૂર અને સુલોચના વ્યાસે ગાયેલા ગીતો આજેય શાશ્વત છે... 'રાધે કિષ્ણ, રાધે - કિષ્ણ'નો કરતાલ સાથેનો નાદ આજેય કાનમા અકબંધ છે... આ નરસૈયાના ફિલ્મની વાતો કે થોડી ક્લિપીંગ્સ બતાવી હોત તો કાર્યક્રમને 'દેકારો' લાભ્યા જેવી વાત થાત....

કલાગુર્જરીના એન. પી. પટેલ અને સરવૈયા બેલડીને સુંદર કાર્યક્રમ ઘડીને આજની